# –: જંગે બદર :–

મક્કતુલ મુકર્રમાથી હિજરત કીધા બાદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મદીનતુલ મુનવ્વરામાં સુકૂન પિઝીર થયા. આપે અન્સાર અને મોહાજેરીનમાં મુઆખાત-ભાઈચારો કાઈમ કીધો, અને તે બાદ આપે દાઅવતે ઈસ્લામને ઝાહિર કીધી. મક્કતુલ મુકર્રમામાં મુસલમાનોને અમાન ન હોવાથી અલ્લાહતઆલાએ આપ (સ.અ.વ.વ.) ને જેહાદનો હુકમ ફરમાવો. તે વક્ત આપ (સ.અ.વ.વ) એ આપના બાર હુદૂદની તરતીબ આપી. એમાંથી નવ આ મુજબ હતા, મૌલાના અલી (અ.સ.), મૌલા જાઅફરૂત્તય્યાર, મૌ. હમઝા બિન મૌ.અબ્દુલમુત્તલિબ, મૌલા ઉબૈદા બિન અલ હારિસ, સલમાનુલ ફારસી, મિકદાદ અલ કિન્દી, અબુઝર, અબ્દુલ્લાહ બિન મસઊદ અને અમ્માર બિન યાસિર. આ નવ હુદૂદ મૌ.અલી અમીરૂલ મુમેનીનની ઈતાઅત અને વલાયત પર કાઈમ રહ્યા અને બીજા ત્રણ આપ (સ.અ.વ.વ.) ની વફાત બાદ આપના હુકમે વલાયતથી બરખિલાફ ગયા, જેઓ પણ આ બારમાંથી હતા. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ સાંભલુ કે, શામથી અબુ સુફયાન કાફલો લઈને આવે છે, તે વક્ત મદીનાથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પણ ત્રણસો તેર (૩૧૩) અસ્હાબોને લઈને કુરૈશના આ કાફલાની તલાશમાં નીકલા. આપ (સ.અ.વ.વ.) ના નીકલવાની ખબર અબુ સુફયાનને પહોંચી ગઈ અને તે બીજા રસ્તે ગયો અને એક શખ્સને મક્કા રવાના કીધો અને મુશરિકો કુફ્ફારોને મદદ વાસ્તે તલબ કીધા જેમાં ઝબરદસ્તીથી બનુ હાશિમ અને બનુ અબ્દુલ મુત્તલિબને સાથે લીધા અને “બદર” નામી મૌઝેઅમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મુકાબલા વાસ્તે પડાવ નાખો. સઘલા બનુ ઉમય્યા તો જંગ ચાહતા જ હતા અને તે વાસ્તે મક્કાના આ તમામ મુશરિકોની તાઅદાદ મુસલમાનો કરતા ત્રણ ગુના ઝિયાદહ એક હઝારની હતી. **પણ અલ્લાહની રેહમતથી મુસલમાનોની ગિન્તી મુશરિકો કરતા ઘણી ઝિયાદહ નઝર આવવા લાગી.**

બનુ ઉમય્યા તરફથી ઉત્બહ, શૈબહ અને વલીદ બિન ઉત્બહ આ ત્રણે મુશરિકો જંગ વાસ્તે નીકલા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તરફથી તેમના મુકાબલા પર હઝરત અલી બિન અબી તાલિબ (સ.અ.), હઝરત હમઝા (ર.અ.) અને હઝરત ઉબૈદા બિન અલ હારિસ (ર.અ.) નીકલા. અલી (અ.સ.) એ પોતાના મુકાબલા પરના દુશ્મનને અને હમઝા (અ.સ.) એ પણ તેમના સામેના દુશ્મનને હલાક કીધા. ઉબૈદા ઝઈફ-સિન રસીદહ હતા, તેથી આપ દુશ્મનને વાસિલે જહન્નમ ન કરી શકા, લેહાઝા અલીએ આઅલા અને હમઝા એ મીલીને એ દુશ્મનને હલાક કીધો. આ જોઈને મુશરિકો દરહમ-બરહમ થાવા લાગા તો મુસલમાનોએ તેઓ પર હમલો કીધો અને મારા અને તેમને ભગાવા અને ગનીમતનો માલ પણ ખૂબ હાસિલ કીધો. આ જંગ અને મુબારેઝામાં અબુ જહલ અને હન્ઝલા બિન અબી સુફયાન બેવે મલઊન જહન્નમ રસીદ થયા. મલઊન ઉત્બહએ ગુસ્સામાં આવીને ઉબૈદાનો એક પગ કાપી નાંખીને ઝખ્મી કીધા હતા અને જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જંગે બદરથી મદીનતુલ મુનવ્વરા વાપસ પધારા તો વાદીએ સફરામાં ઉબૈદા વફાત થયા- અલ્લાહની હમેશા રેહમતની બારિશ મૌ.ઉબૈદાની શાને જેહાદ અને કુરબાની પર.

જંગે બદર ઈસ્લામની પહેલી જંગ હતી, જેમાં મૌલા અલીયુલ મુરતઝા (અ.સ.)એ ઘણી જાઁફિશાની કીધી અને આપના હાથ પર જંગ ફતેહ થઈ. તેમાં મુશરિકોનાં ગિરોહમાંથી સિત્તેર (૭૦) સિપાહીઓ હલાક થયા હતા અને મુસલમાનોમાંથી ફક્ત ચૌદ (૧૪) મુજાહિદો રાહે જન્નત ગયા હતા. અબુ લહબ (લ.અ.) બદરમાં હાઝિર નહોતો થયો પણ આ જંગને સાત દિન બાદ એ મલઊનને પૂરા બદનમાં ફુન્સી (અદસ) ની બીમારી ઝાહિર થઈ અને તેમાં જ રીબાઈ રીબાઈને હલાક થયો. **આ જંગની ફતેહના તુફૈલમાં ઇસ્લામનાં બે કટ્ટર-ખુંખાર દુશ્મન અબુ જહલ અને અબુ લહબ (લ.અ.) હલાક થયા,** એ બેવેના હલાક થાવાથી ઈસ્લામનું પરચમ બલન્દ થયું, મુસલમાનોના હોંસલા અને હિમ્મત પરવાન ચઢા, મુજાહિદોમાં ફરતો નશાત અને તાઝગી આવી અને ઈસ્લામને રાહત મયસ્સર થઈ. જેમ ફિરઔન અને એની મિસલનાં જબ્બાર ઝાલિમ બાદશાહોને અલ્લાહતઆલાએ હલાક કીધા તે મુજબ કુરૈશના કાફિરોના માલ અને ઔલાદ અલ્લાહતઆલાના અઝાબે શદીદ અને ઈકાબે વબીલથી ન બચી શકા. કુરઆને કરીમમાં સુરએ આલે ઈમરાનની ૧૨ મી અને ૧૩ મી આયતમાં આ જંગની ઝિક્રે ખૈર કરવામાં આવેલી છે. ★